રજુ તારીખ :
દાખલ તારીખ :
ફેંસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

**મહેરબાન અમદાવાદ (રુરલ)ના ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં**
**ફોજ. કેસ નં. ૪૮૨૪/૧૮**
**આંક**

**ફરીયાદી : સ ર કા ર શ્રી.**

**વિ રૂ ધ્ધ.**

**આરોપી : વિજયભાઈ રાવળ**

ફરીયાદી તર્ફે વિ. વ . શ્રી એ . પી. પી. અને આરોપી તરફે વિ. વ . શ્રી.

**ગુનો** : ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૧ મુજબ

**૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–**

**આરોપીએ** પ્રતિબંધીત વિસ્તારમાં વાહનને પ્રવેશ કરાવી જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૧ **મુજબનો ગુનો કરેલ છે.**

**૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય ચાર્જશીટ ફાઈલ કરેલ.**

**૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે. અને જણાવેલ છે કે, તેઓને સ્વેચ્છાએ ગુનો કબુલ કરીએ છીએ, યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે.**

**૪. આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**–: આ ખ રી હું ક મ : –**

**આ કામના આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે** ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૧ **મુજબના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી, રૂા. ૩૦૦/– અંકે રૂપિયા ત્રણસો પુરાનો દંડ જો આરોપી દંડ ન ભરે તો દિન–બે ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**ઉપરોકત ચુકાદો તા.** 22 મી જુલાઈ સને 2018 **ના રોજ જાહેર કર્યો.**

તારીખ : 22/7/2018.
મુકામ :અમદાવાદ

(વનરાજસિંહ આપાભાઈ ધાધલ)
કોડ નં. જી.જે.૦૦૮૯૧
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (ગ્રામ્ય)